અપીલ અરજી નં.૩૩ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રાજેન્દ્ર એચ. મોદી
સામાવાળાઃ– ડે. કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેન્દ્ર એચ. મોદીની તા.૨૫–૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સબંધિત વિભાગને મંજુર કરેલ લેઆઉટ પ્લાનની નકલ રજૂ કરેલ છે. લે આઉટ પ્લાનમાં લાલ રંગથી દર્શાવેલ સીઓપી અંગેની માહિતી મોજે ગામ ઉમરા તા.ચોર્યાસી, સુરત સીટી તાલુકાના સ. નં. ૨૯૧ ટી.પી. સ્કીમ નં.૫ ફા.પ્લોટ નં.૯૬ વાળી જમીન ઉપર મકાનો બાંધવાના હેતુ માટે મંજુર કરેલ લે–આઉટ પ્લાનમાં ૨૪/૧એ નં. ના પ્લોટને દર્શાવવામાં આવેલ નથી તેમ છતાં સદરહુ ઉપરોકત દર્શાવેલ જમીન ઉપર ૨૪/ એ નંબરનો પ્લોટ દર્શાવી તે ઉપર બંગલાનું બાંધકામ કરવામાં આવેલ છે. જેથી સદરહુ જમીન ઉપર બાંધકામના હેતુ માટે જે લે–આઉટ પ્લાનમાં ૨૪ / એ નંબરનો પ્લોટ દર્શાવવામાં આવ્યો હોય તેની નકલ તથા જે હુકમથી બાંધકામની મંજુરી આપવામાં આવી હોય તેમજ લે–આઉટ મંજુર કરવામાં આવ્યો હોય તેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૩/૨૦૧૧–૧૨

શ્રી રાજેન્દ્ર એચ. મોદીની તા.૨૫–૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સબંધિત વિભાગને મંજુર કરેલ લેઆઉટ પ્લાનની નકલ રજૂ કરેલ છે. લે આઉટ પ્લાનમાં લાલ રંગથી દર્શાવેલ સીઓપી અંગેની માહિતી મોજે ગામ ઉમરા તા.ચોર્યાસી, સુરત સીટી તાલુકાના સ. નં. ૨૯૧ ટી.પી. સ્કીમ નં.૫ ફા.પ્લોટ નં.૯૬ વાળી જમીન ઉપર મકાનો બાંધવાના હેતુ માટે મંજુર કરેલ લે–આઉટ પ્લાનમાં ૨૪/૧એ નં. ના પ્લોટને દર્શાવવામાં આવેલ નથી તેમ છતાં સદરહુ ઉપરોકત દર્શાવેલ જમીન ઉપર ૨૪/ એ નંબરનો પ્લોટ દર્શાવી તે ઉપર બંગલાનું બાંધકામ કરવામાં આવેલ છે. જેથી સદરહુ જમીન ઉપર બાંધકામના હેતુ માટે જે લે–આઉટ પ્લાનમાં ૨૪/એ નંબરનો પ્લોટ દર્શાવવામાં આવ્યો હોય તેની નકલ તથા જે હુકમથી બાંધકામની મંજુરી આપવામાં આવી હોય તેમજ લે–આઉટ મંજુર કરવામાં આવ્યો હોય તેની માહિતિ આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી)અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં. ટીડીઓ/૫૧૫૫ તા.૧૫–૩–૧૧ થી આપેલ માહિતી માંગ્યા મુજબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાના સમર્થનમાં તેના નાશ કે નિકાલ કર્યાની હકીકત સમર્થન સહ જણાવવા તેમજ બાબત હેઠળની બાંધકામને જો કોઈ માળખાકીય સુવિધા આપયેલ હોય તો તેના આનુષાંગિક દફતરે આવી કોઈ માહિતિ હોય તો ચકાસી રજુ કરવા તથા ખાસ કરીને ૨૦૦૫ માં માહિતિ મેળવવાની અરજદારની રજુઆત અંગે પણ પુનઃ ચકાસી વિગત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪ તા.૨૭–૪–૧૧ થી ડે. કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારનેઅપીલ અરજીમાં અપીલનાં મુદ્દા નં.૩ અંગે ૨૦૦૬ માં આરટીઆઈ હેઠળ મેળવેલ માહિતિના દાવા અંગે તેની નકલો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ /૬ તા.૪–૫–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ , અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૩૬૫ તા.૩–૩–૧૧ ના મધ્યસ્થ શહેર વિકાસ ટાઉન પ્લાનરને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૧૫૫ તા.૧૫–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૨૭ તા.૧૩–૭–૦૬ થી અરજદારને તા.૬–૬–૦૬ ના રોજ કરેલી માહિતી માંગતી અરજી સંદર્ભે આપેલ રેકર્ડની વિગતો તથા નકશાની નકલો રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૫–૨–૧૧ નીઅરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૩૬૫ તા.૩–૩–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ ટાઉન પ્લાનરને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૧૫૫ તા.૧૫–૩–૧૧ થી " ટીપી સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ફા. પ્લોટ નં.૯૬ વાળી મિલ્કતનો મધ્યસ્થ શહેર વિકાસ ખાતેનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં ઉકત મિલ્કતન સબંધોનો હાલમાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ

છે. તેમજ અરજદારે રેકર્ડ ઉપલબ્ધ નથી તે બાબતે ૨૦૦૬ માં એક વખત આરટીઆઈ હેઠળ રેકર્ડ આપવામાં આવેલ છે. તેવું જણાવી આપેલી માહિતી અયોગ્ય છે તેવું જણાવેલ છે. જે અંગે બંને પક્ષકારોની અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૯ તા.૧૬–૫–૧૧ થી મુકરર કરેલ વિગત તા.૨૧–૫–૧૧ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ છે જેમાં અરજદાર હાજર રહી ૨૪ એ નંબરના પ્લોટનો લે આઉટ પ્લાન નકલ માંગવા છતાં મળેલ નથી. ખાતાએ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આ અંગે અવાર નવાર અરજીઓ આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી જુની. ઈજનેર શ્રી પી. એસ. રાવળ હાજર રહી મોજે ગામ ઉમરા તા. ચોર્યાસી હાલમાં સુરત સીટી તાલકુના સીટી સર્વેનં.૨૯૧ ટીપી સ્કીમ નં.૫ ફા.પ્લોટ નં.૯૬ માં ૨૪/એ દર્શાવતો લે આઉટ પ્લાન મધ્યસ્થ કચેરીના દફતરે ઉપલબ્ધ નથી. બાંધકામ બાબતે ઝોનમાંથી રેકર્ડ મંગાવી અને ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળ કોઈ કાર્યવાહી થઈ હોય તો તેનો રેકર્ડ ઝોન કક્ષાએથી મેળવી અને ચકાસીને અરજદારને ઉપલબ્ધ વિગતે પ્રત્યુત્તર તથા જો કોઈ લે આઉટ પ્લાન મંજુર કરેલ હશે તો તે લે આઉટની કોપી પણ દફતરે ઉપલબ્ધ રેકર્ડ પર હશે તો મેળવીને દિન–૨૦ માં મોકલી આપીશું તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી ધ્યાને લેતાં મોજે ગામ ઉમરા તા.ચોર્યાસી સર્વે નં.૨૯૧ ટીપી સ્કીમ નં.૫ ફા.પ્લોટ નં.૯૬ માં મંજુર કરેલ લે આઉટ તેમજ બાંધકામ બાબતે ઝોનમાંથી ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળની કાર્યવાહી થઈ હોય તો તેના દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી મેળવી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૨૦ માં પૂરી પાડવા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રાજેન્દ્ર એચ. મોદી,